# 'બા'ના ઘરમાં ઉછરેલી દીકરીના કોબામાં ધામધૂમથી લગ્ન યોજાયા

**જન્મથી જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલી કન્યાને કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટમાં ટ્રસ્ટીઓએ ઉછેરી હતી : લાડકોડથી ભણાવી ગણાવી પગભર બનાવી આજે દાંપત્યજીવનની દોર બાંધી આપી : ઉપસ્થિત સૌ કોઈએ અશ્રુભીનીં આંખે વિદાય આપી હતી**



(તસવીર : દર્શન મારૂ)

ગાંધીનગર, તા. ૧૦

અંગ્રેજીમાં મદદગારીના સંબંધોને હેલ્પીંગ રીલેશનશીપ્સ કહે છે. અન્યને મદદ કરવી કે અન્યની મદદ લેવી તેની સમજ દરેક સમાજના સામાન્ય માનવીને હોવી જોઈએ.

ગાંધીનગરના કોબા ગામે હૂંફ, લાંગણી, પ્રેમ અને મદદ.મદજ-મદદનો એક અદ્ભૂત સંગમ અને લગ્ન પ્રસંગ રચાયો હતો. જેમાં માતા-પિતા વગરની ૨૫ વર્ષીય દીકરી રેશ્માને સામાજિક સંસ્થાઓ અને સમાજિક અગ્રણીઓએ મદદે આવી સુખી લગ્ન જીવન માટે પ્રભુતામાં પગરવ મંડાવી હર્ષોઉલ્લાસપૂર્વક સાસરે વળાવી હતી. આજના સમય જ્યારે દીકરીને જન્મતાની પહેલા જ મોતના મુખમાં મોકલી દેવામાં આવે છે. ત્યારે એક અનાથ દીકરીને ભણાવી ગણાવી પગભર બનાવી તેના ધામધૂમપૂર્વક સામાજિક રીતિ રિવાજ મુજબ લગ્ન કરાવી કોબા સ્થિત કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ સમાજ માટે આજે શ્રેષ્ઠત્તમ કાર્ય કરી સમાજને એક સંદેશો પાઠવ્યો છે. જે ખરેખર સરાહનીય અને અભિનંદનને પાત્ર છે.

આ વાત છે રેશ્મા શ્યામલની. અંદાજીત ૨૫ વર્ષ પહેલા અમદાવાદ આંબાવાડી સ્થિત શ્રેયસ ફાઉન્ડેશનમાં કોમળ ફૂલ જેવી દીકરીનું આગમન થયું. જન્મથી માતા-પિતાની છત્રછાયા ગુમાવી મુકેલી રેશ્માને નવુ ઘર અને પરિવારજનો મળ્યા અને તેને લાડ પ્રેમ સાથે ઉછેરવાની શરૂઆત કરી. નાનપણથી ભણવામાં હોંશિયાર રેશ્માએ શ્રેયસ ફાઉન્ડેશનમાં રહીને જ ધોરણ-૧૦ સુધી અભ્યાસ કર્યો. શ્રેષ્ઠફાઉન્ડેશમાં સંસ્થાએ આ દીકરી રેશ્માને ઉચ્ચ અભ્યાસ માટે ગાંધીનગર નજીક કોબા ગામે સ્થિત કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટમાં બાના ઘરમાં મોકલી આપી. જ્યાં ધોરણ-૧૧-૧૨ સુધીનો અભ્યાસ કરી વધુ કોલેજ અભ્યાસ માટે રાજપીપળા જઈ એમએ અને એમ.પી.એડનો અભ્યાસ પૂર્ણ પરત કોબા કસ્તૂરબા ગાંધી ટ્રસ્ટમાં આવી ગઈ પણ હવે શું ? તે અંગે ટ્રસ્ટના સંચાલકોને વાત કરી અને જાતે આત્મ નિર્ભર બનવા ચાંદખેડાની ખાનગી શાળામાં શિક્ષક તરીકે નોકરી શરૂ કરી... દિવસ વિતતા ગયા અને દીકરી દેખ દેખામાં જુવાન થઈ ગઈ. આથી કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક



જીવનમાં કોઈપણ મુસીબત હોય પણ હંમેશા પ્રગતિના પંથે જ ચાલતા રહો અને ડર્યા વગર સતત આગળ વધતા રહો સફળતા જરૂર મળશે. જીવનમાં એકલા જ આવ્યા છીએ અને એકલા જ જવાના છીએ તો એકલતાનો શુ મોહ... જીવનમાં આગળ વધો તમામ દરવાજા ખુલી જશે....

**- રેશ્મા શ્યામલ**

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિસ્તારના ગામોમાં સીસી રોડનું કામ પૂર્ણ : પાંચ કરોડનો ખર્ચ થયો

**ગામતળની બહારના ભાગમાં પણ કામ હાથ ધરવા પ્રબળ માંગણી : વિચારણાના અંતે નિર્ણય લેવાશે**

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં સી.સી રોડ નું મોટા ભાગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. આ તબક્કે ગામના કેટલાક વિસ્તારમાં ગામતળની બહારના ભાગમાં પણ આ કામગીરી હાથ ધરવા માંગ ઠવા પામી છે. જો કે આ નીતિ વિષયક મામલો હોવાથી વિચારણાના અંતે નિર્ણય લેવાશે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, ધોળાકુવા, પાલજ, બાસણ સહિતના ગામોમાં અગાઉ ગટરલાઈનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ગ્રામ્ય વિસ્તારના આંતરિક રસ્તાઓ પણ તૂટીને ઉબડ-ખાબડ બની ગયા હતા. જયારે ગટરલાઈનના કામમાં પણ ગુણવત્તા અને પૂર્ણતાનો અભાવ વર્તાયો હોવાનું સ્પષ્ટ થયું હતું. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ આ ગામોમાં પાણી, ગટર અને રસ્તા સહિતની સુવિધાઓ મજબુત કરવા ઉગ્ર માંગ ઠવા પામી હતી. જેને અનુલક્ષી તંત્ર દ્વારા અગાઉ આ ગામોમાં સી. સી. રોડ નું કામ મંજુર કરવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. વિભાગ કક્ષાએથી આ કામગીરી મંજુર થયા બાદ શહેરી વિસ્તારના ગામોમાં રૂ.૫ કરોડના ખર્ચે સી.સી. રોડ બનાવવાનું કામ શરુ કરી દેવાયું હતું. સુત્રોમાંથી પ્રાજ્ઞ થતી માહિતી અનુસાર હાલ મોટા ભાગના ગામોમાં આ કામગીરી પૂર્ણ થઈ ગઈ

● અનુસંધાન પાન-૭ પર

# ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનનો શુભારંભ

ગાંધીનગર,તા.૧૦

વિકસતા ન્યુ ગાંધીનગરને અનુલક્ષીને આખરે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન અને કલોલ તાલુકાના ખુબ લાંબા વિસ્તારને બે ભાગમાં વહેંચી સાંતેજમાં નવું પોલીસ સ્ટેશન શરુ કરવા જીલ્લા પોલીસ વડાએ આદેશ આપી દીધા બાદ આજે મંગળવારે આ બંને પોલીસ સ્ટેશનોનું રેન્જ ડીઆઈજીપીના હસ્તે ઉદઘાટન કરી દેવામાં આવ્યું છે. બંને પોલીસ સ્ટેશનનું ઉદઘાટન સે-૭ ખાતે સ્થિત ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવ્યું હતું. તે અંતર્ગત જરૂરી પોલીસ સ્ટાફ પણ ફાળવી દેવામાં આવ્યો છે.

જિલ્લામાં ગુનાખોરીના પ્રમાણને ડામવા પોલીસ તંત્ર દ્વારા સઘન પેટ્રોલિંગ ઉપરાંત વાહન ચેકિંગ તથા વિવિધ એક્શન પ્લાન ઘડવામાં આવે છે. પરંતુ પોલીસ બેડાના અભાવ વચ્ચે સતત બંદોબસ્તમાં વ્યસ્ત રહેતા પોલીસ તંત્ર માટે ગુનાખોરીનો ગ્રાફ નીચો લાવવાનું કામ વધુ મુશ્કેલ બન્યું હતું.

**જિલ્લાના નવા બન્ને પોલીસ સ્ટેશનના ઉદ્દઘાટન : ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન સેક્ટર-૭ ખાતેના જુના પોસી સ્ટેશનમાં કાર્યરત : પોલીસ સ્ટેશન માટે જરૂરી સ્ટાફ ફોળવી દેવાયો : ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં યોજાયેલા ઉદ્દઘાટન સમારોહમાં મેયર, ધારાસભ્ય, કોર્પોરેટર્સ તથા સરપંચોને આમંત્રિત કરાયા**

● અનુસંધાન પાન-૭ પર

# હવે તાપમાન નહિ, માત્રને માત્ર ઉકળાટ વધશે

ગાંધીનગર, તા. ૧૦

કાળઝાળ ગરમીનો અંતિમ રાઉન્ડ ચાલી રહ્યો છે. આગામી પાંચ સાત દિવસમાં પ્રિ-મોન્સુન એકિટવીટીનો પ્રારંભ થવાની સંભાવના છે. પરિણામે એકિટવીટીનો પ્રારંભ થશે જેથી હવે મહત્તમ તાપમાનમાં વધારો થવાની સંભાવના નહિવત છે હવે વાતાવરણમાં ભેજ વધશે જેથી બફારામાં વધારો થશે.

ગરમીએ ઉનાળાના છેલ્લા છલ્લા દિવસોમાં ભારે



(તસવીર : કશ્યપ નિમાવત)

હવે મહત્તમ તાપમાનમાં વધારો નહી થાય પરંતુ અસહ્ય બફારો વધશે વાતાવરણમાં ભેજના પ્રમાણમાં વધારો થશે અને અમુક સ્થળે ઝાપટા પડી શકે છે.

હવામાન વિભાગમાંથી મળતી માહિતી મુજબ મેઘરાજાનો રથ કેરળથી આગળ વધી ગયો છે ત્યારે ગુજરાતમાં હવે ૨૦ જુન આસપાસ ગમે ત્યારે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થવાની છે. પરીણામે હવે આગામી પાંચ સાત દિવસમાં રાજયમાં પ્રિમોન્સુન ઉપાડો લેતા અમદાવાદમાં વધુ ત્રણ મોત સાથે છેલ્લા છ દિવસમાં રાજયમાં ગરમીના કરણે મૃત્યુ પામેલાની સંખ્યા વધીને ૨૦ થઈ છે. હજુ ૫૦થી વધુ લોકો શહેરની વિવિધ હોસ્પિટલમાં દાખલ છે જે પૈકી પાંચ લોકોની તબિયત નાજુક હોવાનું તબીબોએ જણાવ્યું છે. રાજયના વિવિધ શહેરમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચી જતા લોકોએ કાળઝાળ ગરમી સહન કરવી પડી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# રોગચાળાને ઉગતો ડામવા સેક્ટરોમાંથી પાણીના નમુના લઈ ચકાસણી હાથ ધરાશે

**-મિોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે તંત્રની ટીમ પાણીના નમૂનાઓનો કેમિકલ અને બેક્ટેરોલોજીકલ ટેસ્ટ કરાશે**

ગાંધીનગર,તા.૧૦

આકરી ગરમીના દિવસો બાદ ચોમાસાની ઋતુ માથે છે ત્યારે સંભવિત રોગચાળાને ધ્યાને લઈ તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. સેક્ટરોમાં સપ્લાય થતા પાણીના નમૂનાઓની સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે. જયારે પ્રિમોન્સુન એક્ટીવીટી અન્વયે તંત્ર દ્વારા સેક્ટરોમાંથી પાણીના નમુનાઓ લેવાની ઝુંબેશ હાથ ધરવામાં આવશે. સેક્ટરોમાંથી લેવાયેલા પાણીના નમુના કેમિકલ અને બેક્ટેરોલોજીકલ ટેસ્ટ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવશે.

ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં શહેરમાં હલ ઝાડા-ઉલ્ટીની બીમારીઓનું પ્રમાણ વધ્યું છે. આવા સંજોગોમાં પાણીજન્ય રોગચાળો ગમે ત્યારે માથું ઉંચકે તેવી દહેશત છે. શહેરમાં ચારેક વર્ષ પૂર્વે નવવિકસિત વિસ્તારોમાં કમળાના રોગચાળાએ માથું ચક્યું હતું. જયારે હાલની સ્થિતિ જોતા આકરી ગરમીના દિવસો બાદ હવે વરસાદી મોસમ નજીક છે ત્યારે તંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર






Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com